(તસવીર : દિપક જાની)

આવ્યા માના નોરતા - મા-આદ્યશક્તિ જગદંબાની આરાધનાનું પર્વ એટલે નવરાત્રી. ગાંધીનગરમાં ધામધૂમપૂર્વક નવરાત્રીનું આયોજન થઈ રહ્યું છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત નવલી નવરાત્રીમા જયઅંબે પરિવાર સદસ્યોએ રથમાં બિરાજમાન મા-આદ્યશક્તિને સે.૧ ઉથી ગરબા ગ્રાઉન્ડ ખાતે વાજતે-ગાજતે લાવી જગદંબાની પધરામણી કરી હતી.

ગાંધીનગરમાં નવરાત્રીનો ઉલ્લાસપૂર્વક પ્રારંભ

આખુ શહેર ગરબાની ધુનોથી ગાજી ઉઠ્યું

ખૈલેયાઓએ પ્રથમ દિવસે જ મનભરીને ગરબા માણ્યા

ગાંધીનગર, તા. ૧૬

છેલ્લા ઘણા દિવસોથી જેની રાહ જોવાઈ રહી હતી તે નવરાત્રીના ઉત્સવનાં આજથી ધામધૂમથી પ્રારંભ થઈ ચુક્યો છે. ગરબાની ધુનો મ્યુઝીક, રોશની અને ખેલૈયાઓની ખુબ ઉત્સાહ જોવા મળ્યો હતો. આખુ વર્ષ જેની રાહ જોવામાં આવી રહી હતી તે સૌથી લોકપ્રિય ઉત્સવ નવરાત્રીનો પ્રારંભ થઈ ગયો છે. છેલ્લી ઘડી સુધી તૈયારીઓને આખરી ઓપ આપવામાં

● અનુસંધાન પાન-૭ પર

અવરજવરથી આખુ શહેર જીવંત બની ઉઠ્યું છે. આજે પહેલો દિવસ હોવાથી રાત્રે ૧૨ વાગે ગરબા થઈ ગયા હતા. જેમ જેમ નવરાત્રી આગળ વધશે તેમ તેમ ગરબાઓ જામશે.

આ વર્ષે નવરાત્રીનો ઉત્સાહ કંઈક અલગ જ છે. દરેક સેક્ટરોમાં આ વર્ષે નવરાત્રીનું આયોજન કરવામાં આવ્યું છે. આજે નવરાત્રીના પહેલા દિવસે જ ખેલૈયાઓમાં

બીજા દિવસે દુર્ગા શ્રી બ્રહ્મચારિણી

આદિશક્તિ દુર્ગાનું બીજુ સ્વરૂપ બ્રહ્મચારિણીનું છે. અહીંયા બ્રહ્મચારિણીનું તાત્પર્ય તપસ્વારિણી છે. તેમણે ભગવાન શંકરને પતિ સ્વરૂપે પ્રાપ્ત કરવા માટે ઘોર તપસ્યા કરી હતી. એટલા માટે તે તપશ્ચારિણી અને બ્રહ્મચારિણીના નામથી ઓળખાય છે. નવરાત્રીના બીજા દિવસે આમની પૂજા-અર્ચના કરવામાં આવે છે. આમની પુજા કરવાથી મનુષ્યને તપ, ત્યાગ, વૈરાગ્ય, સદાચાર અને સંયમની વૃદ્ધિ થાય છે. તેમજ મન પણ કર્તવ્ય પથ પરથી વિચલીત થતુ નથી.

‘ચ’ માર્ગ પર ફૂટપાથ આસપાસ ડસ્ટબીન મૂકાશે

કચરો ન થાય તે માટે પ્રાયોગિક ધોરણે ડસ્ટબીન મૂકવા વિચારણા

ગાંધીનગર, તા.૧૬

શહેરના માર્ગો આસપાસ ફૂટપાથની આભા ઉભી કરાયા બાદ આસપાસ ડસ્ટબીન મૂકવાની વિચારણા હાથ ધરવામાં આવી છે. વોક-વે પર સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પ્રાયોગિક ધોરણે ‘ચ’ માર્ગ પર ડસ્ટબીન મૂકવા તંત્ર દ્વારા આયોજન કરવામાં આવશે.

શહેરના મુખ્ય માર્ગો સહિત આંતરિક માર્ગો આસપાસ પણ ફૂટપાથ નિર્માણનું કામ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ફૂટપાથની બાકી કામગીરી સંદર્ભે અગાઉ તંત્ર દ્વારા સર્વે હાથ ધરી કામ હાથ ધરવા વિભાગને દરખાસ્ત મોકલી દેવાઈ છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા વોક વેની જાળવણી સામે ખતરો મંડરાયો છે. માર્ગ આસપાસની ફૂટપાથ પર ઘણીવાર બાઈક દોડતા નજરે પડે છે તો ક્યારેક કચરો પથરાયેલો હોવાથી ફૂટપાથ પર

● અનુસંધાન પાન-૭ પર

સર્કલોથી ૫૦ મીટરના અંતરમાં નવા ૨૪ બોર્ડ મૂકવામાં આવશે

માર્ગોની ઓળખ દર્શાવતા ૯ બોર્ડ ઉભા કરાયા

ગાંધીનગર, તા.૧૬

નગરના માર્ગોને અને સર્કલોને નવી ઓળખ અપાયા બાદ આખરે એક વર્ષના અંતે નવા નામાભિધાન મુજબ બોર્ડ બનાવી દેવાયા છે. નગરના ઘ, ચ અને ગ માર્ગ પર ૯ મોટા બોર્ડ ઉભા કરાયા છે જ્યારે હજુ પણ પ્રત્યેક સર્કલથી ૫૦ મીટરના વિસ્તારમાં ૨૪ નવા જંક્શન બોર્ડ મૂકાશે.

ઘ અને ચ માર્ગની દાયકાઓ જુની કક્કા-બારખડીના મૂળાક્ષરથી શરૂ થતી ઓળખ બદલવા નગરના માર્ગો અને સર્કલોને સરકાર દ્વારા ગત વર્ષ દરમિયાન નવા નામો આપવામાં આવ્યા છે. જ્યારે નવા નામાભિધાન મુજબ માર્ગો અને સર્કલોની ઓળખ લોકસ્વીકૃત થાય તેવા આશયથી નામ મુજબના બોર્ડ મુકવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. બોર્ડ મુકવાની આ કામગીરી પાછળ રૂ. ૧૪ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ અન્વયે પ્રથમ તબક્કામાં નગરમાં વિવિધ ૯ સ્થળોએ મોટા બોર્ડ લગાવી દેવાયા છે. જેમાં ઘ-૦, ચ-૦, ઘ-૭, ચ-૭, ચ-૫, ગ-૦, ગ-૪ અને ખ-૦ સહિતની જગ્યાએ માર્ગોની ઓળખ દર્શાવતા બોર્ડસ લગાવી દેવાયા છે. જ્યારે બીજા તબક્કામાં અન્ય ૨૪ સ્થળોએ જંક્શન બોર્ડ લગાવવાની કામગીરી હાથ ધરાશે. જંક્શન બોર્ડસમાં સર્કલોના નામનો પણ ઉલ્લેખ કરાશે. જ્યારે મુખ્ય માર્ગો પર સ્થિત સર્કલોથી ૫૦ મીટરના અંતરમાં આ બોર્ડ મુકવામાં આવશે. માર્ગો અને સર્કલોના નવાનામાભિધાન બાદ હજુ બસ સ્ટેન્ડો પર જૂના નામનો જ ઉલ્લેખ છે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૧ના ૫૫૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

૨૫ ઓક્ટોબરે ધો-૧૨ સેમેસ્ટર-૩ની પરીક્ષા લેવાશે : ૫ નવેમ્બરે ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૧ની પરીક્ષા

ગાંધીનગર, તા.૧૬

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૧ની પરીક્ષા તા. ૫ નવેમ્બરથી શરૂ થશે. જિલ્લામાંથી અંદાજિત ૫૫૮૭ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. કુલ ૨૭ કેન્દ્રોમાં હાથ ધરાનારી પરીક્ષાની કાર્યવાહી દરમિયાન પારદર્શકતા જળવાય તે માટે પ્રત્યેક કેન્દ્ર પર ફલાઈંગ સ્કવોર્ડની ટીમ રાઉન્ડ લેશે. ધો-૧૨ સેમેસ્ટર-૩ની પરીક્ષા પણ ૨૫ ઓકટોબરથી શરૂ થશે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૧ની પરીક્ષાને અનુલક્ષી પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર આગામી તા. ૫ નવેમ્બરના રોજ શરૂ થનારી આ પરીક્ષા અન્વયે શહેરના-૨૧, ચાંદખેડાના-૪ તેમજ કલોલ અને માણસામાં એક કેન્દ્ર ખાતે કાર્યવાહી હાથ ધરાશે. શહેર અને ગ્રામ્ય વિસ્તારના કુલ ૨૭ કેન્દ્રોમાં પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરાશે. સવારે ૧૧ થી ૧.૩૦ કલાક દરમિયાન લેવાનારી પરીક્ષા દરમિયાન સ્થાનિક સ્કવોર્ડની ૨૭ ટીમો રાઉન્ડ લેશે. આ ઉપરાંત ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સેમેસ્ટર-૩ અને જૂના કોર્ષની પરીક્ષા આગામી તા. ૨૫ ઓકટોબરના રોજ લેવાશે. આ પરીક્ષા દરમિયાન પણ કોઈ ગેરરીતિ ન થાય તે માટે સ્કવોર્ડની ટીમને જવાબદારી સોંપવામાં આવી છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારના કેન્દ્રો ખાતે પરીક્ષા લેવાશે. નવરાત્રિ બાદ તુરંત જ પરીક્ષા હોવાથી વિદ્યાર્થીઓ પણ પરીક્ષાની તૈયારીમાં વ્યસ્ત છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા ગરબા સ્પર્ધાથી મંગલાચરણ

ગાંધીનગર, તા.૧૬

જ્યોતિ મહિલા મંડળ દ્વારા સતત ૩૯ વર્ષમાં આ વર્ષે ગરબા સ્પર્ધા યોજાઈ. સેકટર-૧૨ સ્થિત બલરામ મંદિરના પરિસરમાં યોજાયેલા ગરબામાં ૫ વર્ષથી લઈને ૭૫ વર્ષના માજી જોડાયા હતા. દર પહેલી નવરાત્રીએ આ સ્પર્ધાનું આયોજન થાય છે. માથે બેડા, કળશ અને માંડવડી લઈને મહિલાઓ ગરબે ઘુમી હતી. ૭૪૫ જેટલી મહિલાઓએ ગરબે ઘુમવાનો આનંદ માણ્યો હતો. નગરના અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા અને મહિલાઓને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

ગાંધીનગરમાંથી ૩ ડેન્ગ્યુના દર્દી મળ્યા વાઈરલના દર્દીઓની સંખ્યામાં પણ વધારો

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાંથી આજે ડેન્ગ્યુના ત્રણ પોઝીટીવ કેસ મળી આવ્યા છે. શહેરમાં ડેન્ગ્યુના છુટાછવાયા કેસો મળી રહ્યા છે પણ આજે એક સાથે ત્રણ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શહેરની સિવિલ હોસ્પિટલમાં બે કેસ અને ખાનગી હોસ્પિટલમાં એક કેસ નોંધાયો છે.

દિવસ દરમ્યાન તીવ્ર ગરમી અને રાત્રેઠંડકભર્યુવાતાવરણ આરોગ્ય માટે ખતરારૂપ પુરવાર થઈ રહ્યું છે. ગાંધીનગરમાં વાઈરલના કેસો પણ મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે. વાઈરલના દર્દીઓને સિવિલ હોસ્પિટલમાં જ બે થી ૩ દિવસ માટે ઈન્ડોર દર્દી તરીકે દાખલ થવુ પડી રહ્યું છે.

દરમ્યાન આજે મળી આવેલા ડેન્ગ્યુના ૩ દર્દીઓના રહેઠાણની આસપાસ આરોગ્યતંત્રએ સર્વેલન્સ કરી અને એન્ટીલારવેલની કામગીરી કરી લીધી છે. આ દર્દીઓની આસપાસમાંથી કોઈ અન્ય દર્દી મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

ટ્યુકડી જાહેર ખબર
ફોન : ૨૩૨૨૫૦૧
ફોન : ૨૩૨૩૭૫૦૧

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૦૧, ૨૩૨૩૭૫૦૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૦૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૦૧ E-mail : gandhinagarsamachar@yahoo.com